## તા.૧૨/૦૨/૨૦૨૨ ના બોર્ડ ઓફ ડાયરેકટર્સની મીટીંગમાં ઠરાવ નં.૧૩ થી મંજુર કરવામાં આવેલ.

## રાયસાયણીક ખાતર બિયારણ હેન્ડક્રાફટ વિગેરેના ધંધા માટે વર્કીંગ કેપીટલની ધિરાણનિતિ.

| ક્રમ | મુદા | વિગત |
|---|---|---|
| ૧ | હેતુ | સંસ્થાએ માલસ્ટોક ખરીદવા માટે ધિરાણ સુવિધા આપવા માટે |
| ૨ | લોન મેળવવાની પાત્રતા | • સંસ્થા બેંકમાં થાપણ ખાતુ ધરાવતી હોવી જોઈએ.<br>• સંસ્થા બેંકની સભાસદ હોવી જોઈએ.<br>• સંસ્થાનું રજિસ્ટ્રેશન છ માસ પહેલા થઈ ગયેલ હોવુ જોઈએ.<br>• સંસ્થાના મુદતવિતિ સભાસદો તથા મુદતવિતિ બાકી રકમ ૧૦% થી વધારે હોવી જોઈએ નહી.<br>• સંસ્થા બેંકની મુદતવિતિ બાકીદાર હોવી જોઈએ નહી.<br>• રાયસાયણીક ખાતર બિયારણ અને જંતુ નાશક દવા માટે જરૂરી લાયસન્સ મેળવેલ હોવું જોઈએ.<br>• સંસ્થાનું ઓડીટ તથા બેંક ઈન્સ્પેકશન થઈ ગયેલ હોવું જોઈએ તથા તેની દુરસ્તી પણ થઈ ગયેલ હોવી જોઈએ. |
| ૩ | કર્જની મર્યાદા | • પેટાનિયમ મુજબ બહારથી કર્જ મેળવવાની મર્યાદાની રકમ તેમજ ચોખ્ખા ફાજલ ભંડોળના ૩ પટ આ બન્ને માંથી જે રકમ ઓછી હશે તેટલુ કર્જ મંજુરી કરી શકાશે. |
| ૪ | માર્જીન | • ૨૫ % માર્જીન જાળવવાનું રહેશે. |
| ૫ | મુદત | • ૩ વર્ષ માટે લોન મંજુર કરવામાં આવશે.લોન દર વર્ષે રીન્યુ કરવાની રહેશે.રીન્યુ કરવાની સતા બ્રાંચ મેનેજરની રહેશે,૩ વર્ષ પુર્ણ થતા લોન અરજી મુદત પુરી થયાના એક માસ પહેલા મુખ્ય કચેરી ભુજને મોકલવાની રહેશે.<br>• લોન કરતા વાર્ષિક જમા ટર્નઓવર ૩ ગણું થઈ ગયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણે ટર્નઓવર ન હોય તો લોન રીન્યુ કરતા પહેલા લોન ખાતુ વ્યાજ સહિત નીલ કરવાનું રહેશે. |
| ૬ | જામીનગીરી | • વ્યવસ્થાપક કમિટીએ બાહેંધરી આપવાની રહેશે. |
| ૭ | લોન અરજી સાથે બીડવાના આધારો | • બેંકના નમુનામાં અરજી<br>• બ્રાંચ મેનેજર ભલામણ પત્ર<br>• મંડળી / સંસ્થાના ધંધાને લગતા લાયસન્સની ખરી નકલ<br>• મંડળીના છેલ્લા હિસાબી પત્રકો (અરજીની તારીખથી ૧૫ દિવસ અગાઉના),છેલ્લા વાર્ષિક હિસાબી પત્રકો,તથા છેલ્લા ઓડીટેડ હિસાબી પત્રકો<br>• ચાલુ ખાતાનું બે વર્ષનું વર્ષ વાઈઝ બેંક સ્ટેટમેન્ટ<br>• જો અરજી રીન્યુઅલ હોય તો રોકડશાખ લોન ખાતાના બે વર્ષના વર્ષ વાઈઝ બેંક સ્ટેટમેન્ટ<br>• (૧) શેર યાદી,(૨) સભાસદ બાંધી મુદત થાપણો પત્રક,(૩) બાકીદાર યાદી મુદતવિતિ બાકીદાર સહિત<br>• મંડળીના બહારથી કર્જ મેળવવાના પેટાનિયમની નકલ<br>• મંડળીના વ્યવસ્થાપક કમિટીના સભ્યો પરના ધિરાણ બાકીનું મુદતવિતિ સહિતનું પત્રક<br>• હાઈપોથીકેશન કરવાના છેલ્લા સરવૈયા મુજબના સ્ટોકનું શાખા અધિકારી દ્વારા વેરીફાઈડ કરેલા પત્રક<br>• રીન્યુઅલ લોન અરજીના કિસ્સામાં બેંકની ફેવરમાં એચ.પી.કરાવેલ વીમા પોલીસી |
| ૮ | ચકાસણી ફી | • દર વર્ષે રૂ.૫૦૦/– + GST |

The Kachchh Dist. Central Co-Op. Bank Ltd. (O) BHUJ Kachchh

| ક્રમ | મુદા | વિગત |
|---|---|---|
| ૯ | લોન ધિરાણ સમયે લેવાના દસ્તાવેજ | • પ્રોમીશરી નોટસ<br>• કરજખત<br>• હાઈપોથીકેશન ખત<br>• કન્ટીન્યુઈંગ ગેરેન્ટી બોન્ડ<br>• નિયત નમુનામાં ધિરાણની શરતો માન્ય રાખવાનો ઠરાવ<br>• નિયત નમુનામાં કમિટીના સભ્યોની લોન ભરપાઈ કરવાનું બાહેંધરી પત્ર<br>• કમીટીના સભાસદોને બેંકના નોમનલ સભાસદ બનાવેલા હોવા જોઈએ. |
| ૧૦ | લોન ઉપાડ બાદ રજુ કરવાના આધારો | • દર માસની ૫ મી તારીખ સુધીમાં આગલા માસના માસિક હિસાબી પત્રકો શાખામાં રજુ કરવાના રહેશે.( દર માસે માસિક હિસાબી પત્રકો મુજબ ડ્રોઈંગ પાવર નકકી કરવાનો રહેશે.)<br>• પ્રથમ વખત લોન હોય તો માલ સ્ટોકની રકમની બેંકની ફેવરમાં એચ.પી.કરાવેલ વીમા પોલીસી |
| ૧૧ | સીકયોરીટી | • હાઈપોથીકેશન ખત તથા સ્ટોકનો પુરતી રકમનો વીમો ઉતરાવી પોલીસી બેંકની ફેવરમાં એચ.પી.કરાવવાની રહેશે. |
| ૧૨ | શેર | • મંજુર લોનના ૫% બેંક શેર હોવા જોઈએ.જો મંડળી ઉપર અન્ય લોન બાકી હોય તો તે લોન સામેના બેંક શેર સિવાય ૫% શેર હોવા જોઈએ. |
| ૧૩ | વ્યાજનો દર | • ઔધોગિક મંડળી માટે વ્યાજનો દર ૧૪% તથા અન્ય મંડળીઓ માટે વ્યાજનો દર ૧૨% રહેશે. |
| ૧૪ | વ્યાજની આકરણી | • માસિક ધોરણે આકરવામાં આવશે. |

The Kachchh Dist. Central Co-Op. Bank Ltd. (O) BHUJ Kachchh

ચીફ એક્ઝીકયુટીવ ઓફિસર